
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ મે, ૨૦૨૪ Vol. 18 No. 5

# અવૈજ્ઞાનિકતાની પુરસ્કર્તા સરકાર



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# ટોળાશાહી હત્યાઓના સૂચિતાર્થો

–એન. વી. ચાવડા

(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)

આઝાદીના ૭૦ વર્ષ પછી આપણા દેશમાં ટોળાશાહી હત્યાઓનો નવો સિલસિલો શરૂ થઈ ચૂકયો છે. દેશમાં ગમે તે લોકોનું ટોળું ભેગું થઈને પોતે ઈચ્છે તે વ્યક્તિની હત્યા કરી નાખે છે. તેથી તાજેતરમાં જ આપણા દેશની સુપ્રિમકોર્ટે ટોળાંશાહી હત્યાઓ રોકવા માટે કાયદો બનાવવાનું સૂચન કર્યું છે, અને તેથી સરકાર પણ એ માટે કાયદો ઘડવાની વિચારણા કરવામાં પડી છે.

આ ઘટનાના સૂચિતાર્થો ઘણાં ગંભીર, ખતરનાક અને શરમજનક છે. પ્રથમ સૂચિતાર્થ એ છે કે આપણા દેશમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગ્યા છે. બીજો સૂચિતાર્થ એ છે કે આપણા શાસકો સામાજિક ન્યાય આપવામાં સદંતર નિષ્ફળ ગયા છે, તેથી પ્રજાએ કાયદો હાથમાં લેવો પડે છે. ત્રીજો સૂચિતાર્થ એ છે કે આપણી પ્રજા શાસન કરવા માટે લાયક પ્રજા નથી. ચોથો સૂચિતાર્થ એ છે કે દેશમાં જંગલરાજ પ્રવર્તમાન છે. દેશની પ્રજાને દોષીત–નિર્દોષની કોઈ ખેવના નથી. તે બહુધા નિર્દોષને ભેગી થઈને જ મોતને ઘાટ ઉતારી દે છે. પાંચમો સૂચિતાર્થ એ છે કે આઝાદીના ૭૦ વર્ષ પછી આપણા સમાજમા થયેલા સર્વાંગી અધઃપતન માટે આપણા શાસકો, ધર્મગુરુઓ, ધનવાનો અને સામાન્ય જનતાને જરાપણ શરમ સંકોચનો અનુભવ થતો નથી, અને છટ્ઠો સૂચિતાર્થ એ છે કે આવા આપણા શતમુખી વિનિપાતના કારણો શોધી તેના નિવારણ માટેની કોઈ વિચારણાનો હજી પ્રારંભ પણ થયો નથી. સાતમો સૂચિતાર્થ એ છે કે દેશમાં ઈશ્વરના અવતારો તો અનેક થયા પરંતુ એક મહામાનવ પેદા થયો નહી. આઠમો સૂચિતાર્થ એ છે કે ધર્મ આપણને સુધારવામાં અને માણસ બનાવવામાં સદંતર નિષ્ફળ ગયો છે.

આ ઘટનાનો નવમો શુભ સૂચિતાર્થ એ છે કે આપણે બધા ભારતીયો આપણા તમામ પરંપરાગત ધર્મોમાંથી મુકત થઈ જઈએ. જે ધર્મો આપણને માણસ બનાવવામાં નિષ્ફળ ગયા છે, અને આપણા આધુનિક પૂર્વજોએ ભારતીય બંધારણ દ્વારા જે નૂતન ધર્મની સ્થાપના કરી છે તે એકમેવ ધર્મને શરણે આપણે સાગમટે જઈએ, જેમાં મુખ્યત્વે ધર્મ નિરપેક્ષ લોકશાહી, માનવ માત્રની સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા તથા વૈજ્ઞાનિક અભિગમ અને નિરીશ્વરવાદના આદર્શોને આત્મસાત કરીએ.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડૉ. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ મે, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૦ | Vol. 18 No. 5

## અવૈજ્ઞાનિકતાની પુરસ્કર્તા સરકાર

**–સૂર્યકાન્ત શાહ**

સુપ્રીમ કોર્ટમાં પતંજલિ સંદર્ભે જે દાવો ચાલ્યો તે પતંજલિ અને ધંધાદારી રામદેવ પૂરતો સીમીત નથી. આ દાવાની વિગતો વાંચતા અને સમજતા એ પુરવાર થાય છે કે આપણી સરકાર અવૈજ્ઞાનિકતાને પુરસ્કારે છે. અવૈજ્ઞાનિકતાને પુરસ્કારતા સમગ્ર પ્રજાના આરોગ્ય, શિક્ષણ અને કારકિર્દીને પુરાય નહીં એવું નુકસાન થાય તેની આ સરકારને પરવા નથી. તબીબી ક્ષેત્રે એલોપથી સિવાય કોઈપણ શુશ્રૂષા પદ્ધતિ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી. માત્ર આરોગ્ય ક્ષેત્રે નહીં, પરંતુ જીવનનાં અન્ય ક્ષેત્રો જેવાં કે શિક્ષણ, ખેતી, વ્યવસાય વગેરેમાં પણ અવૈજ્ઞાનિક પદ્ધતિઓ કાર્યરત છે. આવા બધાં જ ક્ષેત્રોમાં સરકારના વલણને તપાસવામાં આવે તો ત્યાં પણ એ અવૈજ્ઞાનિકતાને પુરસ્કારતી માલુમ પડે છે. આટલું ઓછું હોય તેમ જે સંપૂર્ણ અવૈજ્ઞાનિક છે અને સમાજવિરોધી છે તેવા ધર્મને જ કેન્દ્રમાં રાખીને અન્ય ધર્મ/ધર્મોની ઉપેક્ષા તેમ જ વિરોધ આંખે ઉડીને વળગે છે. જાણે કે સરકાર લગભગ બધાં જ ક્ષેત્રે અવૈજ્ઞાનિકતાને થોપી બેસાડવામાં જ પોતાનાં બધાં સાધનોને કામે લગાડી રહી છે !

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

ધંધાદારી રામદેવની જ વાત લઈએ કારણ કે એ હવે સુપ્રીમમાં પુરવાર થયેલ છે. તબીબી વિજ્ઞાનથી થોડા–ઘણા પરિચિતો તો સમજતા જ હતા કે રામદેવ વિવિધ માધ્યમો દ્વારા આરોગ્ય ક્ષેત્રે અવૈજ્ઞાનિકતાનો મોટા પાયે પ્રચાર કરે છે. એના પ્રચારના પ્રભાવ તળે આવનારા પોતાના આરોગ્યને પૂરાય નહીં તેવું નુકસાન પહોંચાડી રહ્યા છે. પેલા નાગા રાજા અને છોકરાની વાર્તામાં બનેલું તેમ એક નાના છોકરા જેવા ડૉ. કે. પી. બાબુ (કેરાલા) એ જોયું કે એની એક દર્દીએ રામદેવના પ્રચારમાં આવી જઈને એની આંખ માટે પતંજલિની દવા ઉપયોગમાં લીધી. પરિણામે તે લગભગ આંધળી થઈ. વૈજ્ઞાનિક પદ્ધતિની અજમાયશ કરી તે પ્રતીતીકારક રીતે પુરવાર કરી શકયા કે પતંજલિની દવા થકી જ એ દર્દીને અંધાપો આવ્યો છે. આથી એમણે હજારો–લાખો દર્દીઓના આરોગ્યની જાળવણી માટે ઉત્તરાખંડની દવાના પરવાના આપતી સરકારી સત્તા 'સ્ટેટ લાઈસન્સીંગ ઓથોરીટી'ને બધી વિગતો જણાવી. હજારો–લાખો દર્દીઓના આરોગ્યને નુકસાનકર્તા દવાઓનું ઉત્પાદન, વિતરણ અને પ્રચાર બંધ કરવાની વ્યવસ્થા કરવા વિનંતી કરી. અવૈજ્ઞાનિકતાની પુરસ્કર્તા ઉત્તરાખંડની સરકાર આ બાબતમાં કશું કરે નહીં એ સમજી શકાય તેવું છે. એણે કોઈ પગલાં ભર્યા નહીં. સરકાર પોતાના ખિસ્સામાં હોવાનું રામદેવ સમજી ગયા. લાખો લોકોના આરોગ્યનું જે થવાનું હોય તે થાય પોતાનો નફો વધે છે ને ! તો પછી અવી નુકસાનકારક દવાઓને–શુશ્રૂષાને ભારતીય સમાજમાં ઘુસાડવાની રામદેવને સોનેરી (!) તક મળી ગઈ. આ સરકારમાં એવું છે ને કે તમે જેમ ઉપર જાઓ તેમ વધારે મોટો અવૈજ્ઞાનિકતાવાળો અધિકારી–પદાધિકારી મળે ! ઉત્તરાખંડની સરકારના ઠંડા પ્રતિભાવને જોતા ડૉ. બાબુ અને બીજાઓ કેન્દ્રના આયુષ ખાતા સમક્ષ ગયા. આમ તો કેન્દ્ર સરકારના વિવિધ ખાતાનું એવું છે કે જો એની ફાવતી વાત આવી હોય તો તે બંધારણની જોગવાઈઓને પણ બાજુએ રાખી રાજ્ય સરકારો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને એની પોતાની જ સ્વાયત્ત સંસ્થાઓને હડસેલીને પોતે જ સીધાં પગલાં લે છે. આ કેસમાં આયુષે એવું નહીં કર્યું, કારણ કે એ ખાતું પોતે જ અવૈજ્ઞાનિકતાને ખૂબ પુરસ્કારે છે. એણે એક ખૂબ સંનિષ્ઠ ટપાલીની જેમ આવેલી ફરિયાદો ઉત્તરાખંડની સરકારને મોકલી આપી. આ સરકારે તો પહેલેથી જ અવૈજ્ઞાનિક એવી શુશ્રૂષાના મસીહા રામદેવને રક્ષણ આપી જ દીધું હતું. બધી ફરિયાદો કચરાપેટીમાં ગઈ ! રામદેવ હવે તો માતેલા સાંઢ જેવા થઈ ગયા. એકમાત્ર વૈજ્ઞાનિક પદ્ધતિ એલોપથીની

**(વધુ પાના નં.–૬ ઉપર)**

# ચૂંટણી અને મૂર્તિપૂજા !

–તંત્રીલેખ

ચૂંટણી ટાણે મૂર્તિઓ અને પૂતળાંનું મહત્ત્વ વધી જાય છે.કેટલાક વાસ્તવિક અને કેટલાક કલ્પિત માણસો (બધાં પુરુષો જ !) ખૂબ પ્રભાવક હતા, સર્વશકિતમાન હતા, સર્વજ્ઞાની હતા, ચમત્કારિક હતા., ખુદ અપાર્થિવ તત્ત્વ હતા કે એવા અપાર્થિવ તત્ત્વના મોકલેલા હતા.' એવા અક્કલ વગરના દાવા કરીને ખાસ કરીને ધર્મના ઠેકેદારો એની 'મૂર્તિ' બનાવી દે છે. એ મૂર્તિને એક ભવ્ય મકાનમાં કેદ કરી દે છે. એના દરવાજાની ચાવી ઠેકેદારો પાસે હોય છે. સર્વશકિતમાન ગણાતી અને ચમત્કારિક હોવાના દાવાવાળી એ મૂર્તિ ઠેકેદારની ગુલામ હોય છે ! ઠેકેદાર ઈચ્છે ત્યારે દર્શન દેવાના, ઠેકેદાર ઈચ્છે તો મીણબત્તીના પ્રકાશમાં દેખાવાનું કે ઠેકેદાર ઈચ્છે તે ચાદર ઓઢવાની ! બિચારી મૂર્તિ ચમત્કારિક ગણાય એટલું જ. વાસ્તવમાં એ ઠેકેદારની ગુલામ હોય છે ! એકવાર મૂર્તિને ગુલામ બનાવ્યા પછી આ ઠેકેદારો 'ભગતો' ને નામે ઓળખાતી એક વિશાળ જમાતને પોતાના અંકુશમાં લઈ લે છે. સત્તાલોલુપ રાજકરણીઓ સમજી જાય છે કે એ ઠેકેદારને જો 'પોતાનો' કરી લેવામાં આવે તો એના લાખો–કરોડો 'ભગતો' એને મત આપશે. આથી એ મૂર્તિઓ આગળ સાષ્ટાંગ દંડવત્ કરે છે, એ પોતે એક મીણબત્તી મૂકી આવે છે, એ ઉંચામાં ઉંચી કિંમતની ચાદર ઓઢાડે છે ! એ જેની મૂર્તિ છે એ જો કાલ્પનિક નહીં હોય, વાસ્તવિક વ્યક્તિ હોય અને એણે જે કહેવું હોય તે અસલ સ્વરૂપમાં ગ્રંથસ્થ થયેલું હોય તે વાંચવા–સમજવામાં આવે તો મોટા ભાગના કિસ્સામાં એવું બહાર આવે કે ધર્મના ઠેકેદારો જે કરે છે–કહે છે અને રાજકરણીઓ સત્તાપ્રાપ્તિ માટે જે પાયલાગણ કરે છે તેનાથી તદ્દન ઊલટી વાત એ મહાનુભાવ કહી ગયેલા. એ પ્રમાણે જીવી ગયેલા. એમણે શું કહ્યું અને શું કર્યું તેની ઐસીતૈસી કરીને આ ઠેકેદારો અને રાજકરણીઓ પોતાનો ઉલ્લુ સીધો કરે છે, કારણ કે મૂર્તિ ઉપરાંત બહુસંખ્યક 'ભગતો' ગુલામીવૃત્તિ ધરાવે છે.

હવે તો વાત મૂર્તિથી અટકતી નથી. કેટલાક મહાનુભાવોનાં 'પૂતળા' જાહેર રસ્તા પર પ્રદર્શિત કરવામાં આવે છે. મોટા ભાગના આ મહાનુભાવો નજીકના ભૂતકાળમાં વાસ્તવમાં વિચરતા હતા. એ પેલી કેટલીક મૂર્તિવાળા કાલ્પનિક નહોતા. તેઓ જે કંઈ બોલ્યા અને વર્ત્યા તે એના અસલી સ્વરુપમાં ગ્રંથસ્થ થયું. એ ગ્રંથો આખેઆખા અને ઘણીવાર એમાંથી પુસ્તિકાઓ બનાવવામાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે એનું છાપકામ હવે થઈ શકયું. લાખોની સંખ્યામાં નકલો બનાવવામાં આવી. સામાન્ય

જન સુધી પહોંચાડવામાં આવી. મૂર્તિવાળા કહેવાતા મહાનુભાવોના વખતમાં છાપકામની આ વિજ્ઞાન ટેકનોલોજી આધારિત સુવિધા નહોતી. આથી એના ઠેકેદારો આજે પણ પોતાને મનઘડંત અને પોતાના સ્વાર્થને અનુરૂપ એ મૂર્તિવાળાના મોંઢામાં શબ્દો અને આચરણને મૂકે છે. ભોળિયા ભગતો આગળ તે રજૂ કરે છે. તાળી પાડી રાજકરણી પોતાના મત અંકે કરે છે.

પૂતળાવાળામાં આવું બનતું નથી. આથી રાજકરણીઓ પૂતળાંને હાર પહેરાવતી વખતે, એના ગુણગાન ગાતી વખતે અને તેના નામે રજા જાહેર કરતી વખતે પોતાની મુત્સદ્દીવિદ્યાને અનુરૂપ પૂતળાવાળા શું કહી ગયા અને એમના જીવન–વ્યવહાર કેવા હતા તે ભોળા મતદારોને જણાવતા જ નથી. આ પૂતળાવાળામાંથી ત્રણને લઈએ. (૧) ભગતસિંહ (૨) દયાનંદ અને (૩) આંબેડકર. ભગતસિંહ તો જાહેર નાસ્તિક–રેશનાલિસ્ટ હતા. ધર્મમાં જ માનતા નહોતા. પુરાણો અને એવા બીજા ધર્મશાસ્ત્રો વિશે દયાનંદના કયા વિચારો હતા એ તો એમના 'સત્યાર્થ–પ્રકાશક' વાંચતા જ માલુમ પડે છે. એનાં ઘણાં અવતરણો 'સત્યાન્વેષણ'માં પ્રસિદ્ધ પણ થતા રહે છે. અત્યારનો કોઈ રાજકરણી 'સનાતન' ધર્મ વિરુદ્ધ કંઈક બોલે તો ઉહાપોહ થાય છે. 'સનાતન' ધર્મ વિશે આંબેડકર શું બોલ્યા અને બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા સુધી પહોંચ્યા તે પ્રવાસ વિશે બરાબર જાણીએ તો તે પ્રવર્તમાન કોઈક રાજકરણીએ 'સનાતન' વિશે અલ્પોકિત કરી એવું લાગે. આ ત્રણે અત્યારના રાજકારણમાં બિલકુલ બંધબેસતા નથી. એમનાં પૂતળાં બનાવવા, એમની જન્મ–મરણ તિથિએ એ પૂતળાંને સ્નાન કરાવવું, હાર પહેરાવવા, પૂતળાં આગળ ઉભા રહીને ભાષણો કરવા અને વદતોવ્યાઘાત તો એ છે કે એ ભાષણોમાં જણાવવું કે, એ પૂતળાવાળાને રસ્તે ચાલો !' આવાં ભાષણ કરતા રાજકરણીઓ તો જાણે જ છે કે આ ક્રાંતિકારીઓ ખરેખર શું કહી ગયા હતા, છતાં તેઓ આ બધા ચાળા કરે છે. કેમ ? કારણ...'સત્તાલોલુપતા.' આ હોશિયાર રાજકરણીઓને ખબર છે કે આ ત્રણ અને એમના જેવા બીજા ક્રાંતિકારીઓ માટે ગણનાપાત્ર મતદારોને માન છે. જો પૂતળાંવાળાના વખાણ કરવામાં એ મતદારો એને મત આપે તો એવા વખાણ કરવાનો દંભ શા માટે ન કરવો ? આથી જે પાણીએ મગ ચઢે તે પાણીએ તેઓ પોતાનો ઉલ્લુ સીધો કરે છે. શાણા મતદારોએ કે જેઓ આવા ક્રાંતિકારીઓના વિચારો સમજ્યા છે તેમણે અને રેશનાલિસ્ટોએ આથી જ મતદાન કરતા એ જોવું પડે કે આ રાજકારણીઓનાં ટોળામાં કયો રાજકરણી ઓછામાં ઓછો બદમાશ અને દંભી છે. અને મત આપવા–અપાવવાનું એ રાખી શકે.

# સલામ એ મુસ્લિમ મહિલાને

કેરાલાની સફીયા પી. એમ. નાસ્તિક–રેશનાલિસ્ટ છે. એ 'કેરાલા પૂર્વ–મુસ્લિમ મંડળ' ની સામાન્ય મંત્રી છે. સફીયાએ સુપ્રીમ કોર્ટને અરજ ગુજારી છે કે બંધારણના આર્ટિકલ–૨૫ હેઠળ એને જે મૂળભૂત અધિકારો મળ્યા છે તે હેઠળ એને નાસ્તિક–રેશનાલિસ્ટ થવાનો અધિકાર મળવો જોઈએ. જો કોઈ વ્યકિત 'મુસ્લિમ પર્સનલ લો' સ્વીકારવા માંગતી ન હોય તો તે પાળવાની જ એને ફરજ પાડી શકાય નહીં. એને બિનસાંપ્રદાયિક એવા ઈ.સ. ૧૯૨૫ના 'ઈન્ડિયન સકસેશન એક્ટ' હેઠળ વારસાનો નિયમ લાગુ પાડવો જોઈએ. એના પર શરિયત લાદવો જોઈએ નહિ. કેટલીક આનાકાની બાદ સુપ્રીમ કોર્ટે સફીયાની અરજીને સુનાવણી કરવા માટે સ્વીકારી છે. કોર્ટે આ બાબતે કેન્દ્ર અને કેરાળા સરકારના અભિપ્રાયો માંગવાનો પણ નિર્ણય લીધો છે. સફીયાની આ હિંમત બદલ એને અભિનંદન. આશા રાખીએ કે એની અરજને સુપ્રીમ કોર્ટ સ્વીકારશે કારણ કે કોઈપણ ધર્મની જેમ ઈસ્લામ ધર્મ પણ મહિલાઓનું શોષણ જ કરે છે. યાદ રાખવાનું કે બધા જ ધર્મોની સ્થાપના પુરૂષોએ કરી છે. પુરૂષો પરસ્ત્રીઓ પર હંમેશાં માલિકીભાવ રાખે છે. આથી બધા જ ધર્મોએ સ્ત્રીને મિલકત જ સમજવાનું રાખ્યું છે. સ્ત્રીઓના આટલા ઉઘાડા શોષણ હોવા છતાં મહિલાઓ ધર્મઘેલી બને છે એ એક બહુ મોટી અજાયબી છે. સફીયાએ આવી ધર્મઘેલછા છોડી અને પોતાના અધિકાર માટે આગળ વધી તે આવતીકાલે એક માર્ગદર્શક પગલુ બનશે એ ચોક્કસ.

---

– સંશોધન તો માત્ર દરવાજો ખોલે છે, સામાજિક પરિબળો નક્કી કરે છે કે એ દરવાજામાંથી પસાર થવું કે નહીં.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## સમાન નાગરિક ધારો (સંહિતા)

**–પ્રતાપ ભાનુ મહેતા**

બદદાનતનાં બે સ્વરૂપો છે અને જો ન્યાય એમાં ગુમ થઈ જાય તો ભારે મોટી દુર્ઘટના સર્જાય. એક છે, બહુમતવાદ અને બીજો છે, બહુમતવાદનો ભય. આ ભય દાયકાઓથી છે અને તેનો ઉપયોગ સ્વતંત્રતા અને સમાનતા માટે કશું ન કરવાના બહાના તરીકે થયો છે. આપણે એ બન્નેથી ઉપર ઊઠવાનું છે. ભારતના બંધારણનું દર્શન એ કંઈ જુદા જુદા સમુદાયો વચ્ચેની સત્તાની રમત નથી. પરંતુ એ તો વ્યકિતગત સ્વતંત્રતા, સમાનતા અને પારસ્પરિકતા ઊભી કરવા માટેનો ખ્યાલ છે. એ જ ઓળખ અને વૈવિધ્ય બંનેનો સાચો પાયો છે.

(હેમન્તકુમાર શાહ સંપાદિત 'સમાન નાગરિક ધારો' પુસ્તિકામાંથી સાભાર)

(ચાલુ પાના નં–૨ નું)

મર્યાદા બહારની ટીકા–નિંદા કરવા લાગ્યા. પ્રચાર કરવા લાગ્યા. આ ધંધાદારીનું ગણિત આજે પણ સીધુ–સાદુ છે. એલોપથી જેટલી બદનામ થાય એટલો એમનો ધંધો વધે ! પરિણામે એલોપથી ડોકટરોના સંગઠને પણ આ કાવતરાને અટકાવવા સુપ્રીમ કોર્ટ સુધી જવાનું રાખ્યું. સરકારના પ્રબળ ટેકાને  કારણે નિરંકુશ બનેલા રામદેવે સુપ્રીમની ટકોર, આદેશ અને માર્ગદર્શનને પણ ગણકાર્યા નહીં ! સુપ્રીમમાં સરકારની અવૈજ્ઞાનિકતા–પ્રિયતા અને રામદેવ તરફનો પક્ષપાત એકદમ ઉઘાડો પડી ગયો. સરકારનો થયેલો આ પર્દાફાશ રેશનાલિસ્ટોને સમજાવે અને ચેતવે છે કે એ ભલે વૈજ્ઞાનિક અભિગમ અને વિવેકનો આગ્રહ રાખે. આ સરકાર તેનાથી તદ્દન ઉલટી રીતે વર્તે છે. આથી તેઓ પોતાના વિવેક બુદ્ધિવાદને સમજવા અને અન્યોને સમજાવવા પોતાના પર જ આધાર રાખે – સ્વનિર્ભર બને !

## સત્યશોધક સભાને દાન



ગાંધીનગરના આર.ડી.ગુર્જર 'સત્યાન્વેષણ'ના વર્ષોથી વાચક છે. એમની પૌત્રી અન્વી તુષારની બીજી વર્ષગાંઠના આનંદમાં એમણે સત્યશોધક સભાને રૂા. ૧,૧૦૦/–નું દાન આપ્યું છે.  જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

તા. : ૨–૦૫–૨૦૨૪ — સૂર્યકાન્ત શાહ

## વિશેષ લગ્નધારો
# કેવી રીતે ધાર્મિક કાયદાથી અલગ છે ?

**–ખાદિજા ખાન**

મુસ્લિમ લગ્ન ધારો–૧૯૫૪ અને હિંદુ લગ્ન ધારો–૧૯૫૫. તેમાં લગ્ન પહેલાં છોકરા કે છોકરીએ બીજાનો ધર્મ અપનાવવો ફરજિયાત છે. વિશેષ લગ્ન ધારા–૧૯૫૪માં ધર્મ કે જ્ઞાતિ બદલ્યા વિના પણ સ્ત્રી–પુરુષ લગ્ન કરી શકે છે. એટલે કે તેઓ તેમની પોતાની ધાર્મિક ઓળખ છોડતા નથી કે ધર્માંતરણ કરતા નથી.

### વિશેષ લગ્ન ધારા હેઠળ કોણ લગ્ન કરી શકે ?

હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, જૈન બૌદ્ધ વગેરે તમામ ધર્મોના લોકોને આ કાયદો સમગ્ર ભારતમાં લાગુ પડે છે. ૧૯૫૨માં જ્યારે આ કાયદાનો ખરડો આવ્યો ત્યારે એક પત્નીત્વ તો એક મહાન ક્રાંતિકારી પગલું ગણાતું હતું.

આ બિન–સાંપ્રદાયિક કાયદાની કલમ–૧૯માં ‘એક વાર લગ્ન થાય પછી હિંદુ, બૌદ્ધ, શીખ કે જૈન ધર્મના કોઈ પણ અવિભકત કુટુંબમાંથી વ્યકિત ફારેગ થઈ ગયાનું ગણાશે, એમ લખવામાં આવ્યું છે. તેને પરિણામે આ કાયદા હેઠળ લગ્ન કરવાનું પસંદ કરવામાં આવે તો વ્યકિતના વારસાના અધિકાર પર વિપરિત અસર પડે છે.


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ
(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ
(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

## ગાંધીજી અને ડો. બાબા સાહેબ આંબેડકર

* હું લોકશાહીને એવી બાબત સમજુ છું કે તેમાં નબળી વ્યક્તિને પણ મજબૂત વ્યક્તિ જેટલી જ તક મળે.
* પ્રજાતંત્રનો અર્થ હું એ સમજું છું કે આ તંત્રમાં છેલ્લામાં છેલ્લી વ્યક્તિ અને ઊંચામાં ઊંચી વ્યક્તિ એમ બંનેને આગળ વધવાની સરખી તક મળવી જોઈએ.
* વ્યક્તિની સ્વતંત્રતાનો ઈનકાર કરીને સંભવતઃ કોઈ પણ સમાજનું નિર્માણ થઈ શકે નહિ.
* સમાજની મારી કલ્પના એ છે કે આપણે બધા સરખા જન્મેલા છીએ, એટલે કે આપણને સરખી તક મેળવવાનો અધિકાર છે. –ગાંધીજી
* રાજકીય લોકશાહીનો પાયો જો સામાજિક લોકશાહી ન હોય તો રાજકીય લોકશાહી લાંબો સમય ટકે નહિ. સામાજિક લોકશાહી એટલે શું ? તેનો અર્થ છે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાને જીવનના સિદ્ધાંતો તરીકે સ્વીકારવાની જીવનશૈલી. –ડૉ. બાબા સાહેબ આંબેડકર
* જો આપણે એક અને અખંડ આધુનિક ભારત જોઈતું હોય તો તમામ ધર્મોનાં ધર્મપુસ્તકોના સાર્વભૌમત્વનો અંત લાવવો જ જોઈએ.

–ડૉ. બાબા સાહેબ આંબેડકર

(હેમંત શાહ સંપાદિત 'સમાન નાગરિક ધારો' પુસ્તિકામાંથી સાભાર)

## એક અનોખી પહેલ

૧૫–૩–૨૪ના 'સત્યાન્વેષણ'ના અંકમાં ૧૭મી બાલકૃષ્ણ પાઠકજી નિબંધ સ્પર્ધાના વિજેતાઓનાં નામ વાચકોએ વાંચ્યા જ હશે. રાજકોટ જિલ્લાના સરધારના શ્રી બાબુભાઈ ડી. પટેલે પણ તે વાંચ્યું. એમણે અનોખી પહેલ કરી. એમણે ચારે વિજેતાઓના વાર્ષિક લવાજમની રકમ અત્રે મોકલી આપી. બાબુભાઈને અભિનંદન !

**૧૦–૦૪–૨૦૨૪** **સૂર્યકાન્ત શાહ**

## દયાનંદના 'સત્યાર્થપ્રકાશ'ના ચાર્વાક–બૌદ્ધ–જૈન મતોના ખંડનમંડન વિષયક
# બારમા સમુલ્લાસની અનુભૂમિકા

જ્યારે આર્યાવર્તના લોકોમાં સત્ય–અસત્યનો યથાવત્ નિર્ણય કરાવનારી વેદવિદ્યા છૂટી ગઈ, અને અવિદ્યા પ્રસરી ત્યારે મતમતાંતરો ઉત્પન્ન થયા અને એ જ જૈન વગેરેના વિદ્યા–વિરુદ્ધ મત–પ્રચારનું નિમિત્ત બન્યા. વાલ્મીકીય (રામાયણ) અને મહાભારત વગેરેમાં જૈનોનું નામ માત્ર લખ્યું નથી, જ્યારે જૈનોના ગ્રંથોમાં વાલ્મીકીય અને મહાભારત વગેરેમાં કથિત રામ અને કૃષ્ણ વગેરેની ગાથાઓ બહુ જ વિસ્તારથી લખવામાં આવી છે. આથી એ સિદ્ધ થાય છે કે જૈન મત એના પછી જ ચાલ્યો છે. જૈનો લખે છે તેમ જો તેમનો મત બહુ પ્રાચીન હોત તો વાલ્મીકીય વગેરે ગ્રંથોમાં એમની કથાઓ જરૂર હોત, પરંતુ એવું નથી. આથી જૈન મત એ ગ્રંથો બાદ નવો ઊભો થયેલ છે.

જો કોઈ એમ કહે કે જૈનોના ગ્રંથોમાંથી કથાઓ લઈને વાલ્મીકીય વગેરે ગ્રંથ બન્યા હશે, તો તેમને પૂછવું જોઈએ કે તો પછી વાલ્મીકીય વગેરેમાં તમારા ગ્રંથોના નામ કે લેખ કેમ જોવા મળતા નથી ? અને તમારા ગ્રંથોમાં એનાં નામ કે લેખ કેમ જોવા મળે છે ? શું પિતાના જન્મનું દર્શન પુત્ર કરી શકે ખરો ? આથી એ જ સિદ્ધ થાય છે કે જૈન તથા બૌદ્ધ મત શૈવ–શાક્ત વગેરે મતો પછી જ ચાલ્યા છે.

હવે (સત્યાર્થપ્રકાશના) આ બારમા સમુલ્લાસમાં જૈનોના મત વિશે જે કંઈ લખવામાં આવ્યું છે, તે તેમના ગ્રંથોનાં પ્રમાણપૂર્વક લખવામાં આવ્યું છે. આમાં જૈનોએ માઠું ન લગાડવું જોઈએ; કારણ કે અમે જે કંઈ એમના મત વિષયક અહીં લખ્યું છે તે ફકત સત્ય–અસત્યના નિર્ણય માટે જ લખ્યું છે, વિરોધ કે હાનિ કરવા માટે નથી લખ્યું. જ્યારે જૈનો, બૌદ્ધો કે અન્ય લોકો આ લેખને વાંચશે ત્યારે બધાને સત્ય–અસત્યના નિર્ણયમાં વિચાર અને લેખન કરવાનો સમય મળશે અને બોધ પણ થશે. જ્યાં સુધી વાદી–પ્રતિવાદી થઈને પ્રીતિપૂર્વક વાદ કે લેખન કરવામાં ન આવે, ત્યાં સુધી સત્ય–અસત્યનો નિર્ણય થઈ શકતો નથી.

જ્યારે વિદ્વાનોમાં સત્ય–અસત્યનો નિશ્ચય નથી થતો ત્યારે અવિદ્વાનોને મહા અંધકારમાં પડીને બહુ જ દુઃખ વેઠવું પડે છે. એટલા માટે સત્યના જય અને અસત્યના ક્ષયને માટે મિત્રતાથી વાદ કે લેખ કરવો એ આપણી મનુષ્ય જાતિનું મુખ્ય કામ છે. જો એમ નહિ થાય તો મનુષ્યોની ઉન્નતિ કયારેય નહિ થાય.

વળી, આ બૌદ્ધ–જૈન મતનો વિષય, એમના સિવાયના અન્ય મતવાળાઓને પણ અપૂર્વ લાભ અને બોધ કરાવનારો નીવડશે; કારણ કે એ લોકો પોતાના ગ્રંથો કોઈ બીજા મતવાળાઓને વાંચવા, અભ્યાસ કરવા કે લખવા પણ આપતા નથી. મને મહાન પરિશ્રમે અને ખાસ કરીને મુંબઈ આર્યસમાજના મંત્રી શેઠ સેવકલાલ કૃષ્ણદાસના મહાન પુરુષાર્થથી એ ગ્રંથો પ્રાપ્ત થઈ શકયા છે. કાશીના જૈન પ્રભાકર યંત્રાલયમાં છપાવાથી અને મુંબઈમાં 'પ્રકરણ–રત્નાકર' ગ્રંથ છપાયો હોવાથી હવે સર્વ લોકોને જૈનોનો મત જોવો સહજ થઈ શકયો છે.

ભલા, આ તે કંઈ વિદ્વાનોની વાત છે કે પોતાના મતના ગ્રંથો પોતે જ વાંચવા અને બીજાઓને ન બતાવવા ! આથી જ વિદિત થાય છે કે એ ગ્રંથો બનાવનારાઓને પહેલેથી જ શંકા હતી કે આ ગ્રંથોમાં અસંભવ વાતો છે અને જો બીજા મતવાળા લોકો એ વાતો વાંચશે તો તેનું ખંડન કરશે અને જો અમારા મતવાળા લોકો બીજાના ગ્રંથો વાંચશે તો તેમને પોતાના મતમાં શ્રદ્ધા નહિ રહે.

ભલે, જે હોય તે; પરંતુ ઘણા લોકો એવા હોય છે કે તેમને પોતાના દોષ તો દેખાતા નથી, પરંતુ બીજાઓના દોષ જોવામાં તેઓ અતિ તત્પર રહે છે. પરંતુ આ ન્યાયની વાત નથી; કારણ કે પહેલાં પોતાના દોષ જોઈને એને દૂર કરવા જોઈએ અને પછી બીજાના દોષ પર દષ્ટિપાત કરીને તેને દૂર કરવા જોઈએ. હવે આ બૌદ્ધ અને જૈનોના મતનો વિષય સર્વ સજ્જનોના સમક્ષ મૂકું છું. જેવો છે તેવો વિચારે.[1]

किमधिकलेखेन बुद्धिमद्वर्येषु ।

---

૧. સત્યાર્થપ્રકાશના બારમા સમુલ્લાસમાં મહર્ષિ દયાનંદે ચાર્વાક, બૌદ્ધ અને જૈન મતોનું ખંડનમંડન કર્યું છે. તેમાં પ્રશ્નોત્તર રૂપે તથા 'સમીક્ષક' તરીકે તેમણે આ મતોની સમાલોચના કરી છે. સત્યાર્થપ્રકાશકનો બારમો સમુલ્લાસ આ સત્યાર્થપ્રકાશકના આકારનાં લગભગ ૬૦ પાનામાં પૂરો થાય છે.

૨. ભાવાર્થ : શ્રેષ્ઠ બુદ્ધિમાનોને વધારે શું લખવું ?

# ‘સત્યાર્થ–પ્રકાશક’માં દયાનંદ સરસ્વતી

## આર્યાવર્તમાં વિદેશીઓનું રાજ્ય થવાનાં કારણો

પરંતુ અભાગ્યના ઉદયથી અને આર્યોના આળસ, પ્રમાદ અને અંદરોઅંદરના વિરોધને લીધે આજે બીજા દેશોનું રાજ્ય કરવાની તો વાત જ શું કહેવી, આર્યાવર્તમાં પણ આર્યોનું અખંડ સ્વતંત્ર, સ્વાધીન અને નિર્ભય રાજ્ય આજે રહ્યું નથી. જે કંઈ છે તે પણ વિદેશીઓના પગ હેઠળ કચરાઈ રહ્યું છે. બહુ જ થોડા રાજાઓ સ્વતંત્ર છે. જ્યારે માઠા દિવસો આવે છે ત્યારે દેશવાસીઓને અનેક પ્રકારનાં દુઃખ ભોગવવા પડે છે. કોઈ ગમે તેટલું કરે, પરંતુ જે સ્વદેશીય રાજ્ય હોય છે તે જ સર્વોપરી ઉત્તમ હોય છે. એટલે કે વિદેશીઓનું રાજ્ય મતમતાંતરના આગ્રહ–રહિત, પોતાના અને પારકાના પક્ષપાતથી બિલકુલ મુક્ત અને પ્રજા પર માતા–પિતાની સમાન કૃપા, ન્યાય અને દયા કરનારું પણ કેમ ન હોય, છતાં પણ તે પૂર્ણ સુખદાયક નથી. અલગ અલગ ભાષા, અલગ અલગ શિક્ષા અને અલગ અલગ વ્યવહારનો વિરોધ છૂટવો અતિ મુશ્કેલ છે. એ છૂટયા વગર પરસ્પરનો પૂરો ઉપકાર અને અભિપ્રાય સિદ્ધ થવો કઠિન છે. એટલા માટે વેદ વગેરે શાસ્ત્રોમાં જે કંઈ વ્યવસ્થા કે ઈતિહાસ લખ્યો છે, તેને જ માન્ય કરવો એ ભદ્ર પુરુષોનું કામ છે.

જ્યાં સુધી એક મત, એક હાનિ–લાભ અને એક સુખ–દુઃખ પરસ્પર માનવામાં ન આવે ત્યાં સુધી ઉન્નતિ થવી બહુ જ કઠિન છે. પરંતુ માત્ર ખાવું–પીવું જ એક થવાથી કંઈ સુધારો થઈ શકતો નથી, પરંતુ જ્યાં સુધી નઠારી વાતોને છોડવામાં ન આવે અને સારી વાતોને ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી વૃદ્ધિને બદલે હાનિ જ થાય છે.

આર્યવર્તમાં વિદેશીઓનું રાજ્ય થવાનાં કારણો છે : પરસ્પરની ફૂટ, મતભેદ, બ્રહ્મચર્યનું સેવન ન કરવું, વિદ્યા ન ભણવી – ન ભણાવવી, નાની ઉંમરે કરવામાં આવતાં અસ્વયંવર (એટલે કે ફક્ત માતાપિતા વગેરે દ્વારા જ નિર્ધારિત થતાં) વિવાહ, વિષયાસક્તિ, મિથ્યાભાષણ વગેરે કુલક્ષણ, વેદવિદ્યાનો અપ્રચાર વગેરે કુકર્મો. જ્યારે ભાઈ–ભાઈ પરસ્પર લડે છે, ત્યારે જ ત્રીજો વિદેશી આવીને પંચ બની બેસે છે.

શું તમે લોકો પાંચ હજાર વર્ષ અગાઉ થયેલ મહાભારતની વાતો પણ ભૂલી ગયા છો ?...પરસ્પરની ફૂટફાટથી કૌરવ–પાંડવ અને યાદવોનું સત્યાનાશ થઈ ગયું એ તો થઈ ગયું. પરંતુ હજુ સુધી એ રોગ આપણી પાછળ લાગેલો જ છે. કોણ જાણે એ ભયંકર રાક્ષસ ક્યારે છૂટશે કે પછી એ આર્યોને સર્વ સુખોથી છોડાવીને દુઃખસાગરમાં ડૂબાવી મારશે ? આર્ય લોકો હજુ પણ એ જ દુષ્ટ, ગોત્ર–હત્યારા, સ્વદેશ–વિનાશક, નીચ દુર્યોધનના દુષ્ટ માર્ગ પર ચાલીને દુઃખો વધારતા રહ્યા છે. હવે તો એ રાજરોગ આપણા આર્યોમાંથી નષ્ટ થઈ જાય એવી પરમેશ્વર કૃપા કરે.

સ્વાયંભુવ રાજાથી લઈ પાંડવો સુધી આર્યોનું ચક્રવર્તી રાજ્ય રહ્યું. ત્યાર બાદ આર્યો અંદરોઅંદરના વિરોધને કારણે લડી–ઝઘડીને નષ્ટ થઈ ગયા. કારણ કે પરત્માની આ સૃષ્ટિમાં અભિમાની, અન્યાયકારી અને અવિદ્વાનોનું રાજ્ય બહુ દિવસ સુધી ટકતું નથી. આ સંસારની સ્વાભાવિક પ્રવૃત્તિ છે કે જ્યારે ધન અસંખ્ય પ્રયોજનોથી અધિક થઈ જાય છે. – ધનનો અતિરેક થઈ જાય છે ત્યારે આળસ, પુરુષાર્થ–રહિતતા, ઈર્ષા, દ્વેષ, વિષયાસકિત અને પ્રમાદ વધે છે. તેથી દેશમાં વિદ્યા, સુશિક્ષા નષ્ટ થઈને દુર્ગુણો અને દુષ્ટ વ્યસનો વૃદ્ધિ પામતાં જાય છે. જેવા કે મદ્યમાંસ–સેવન, બાળવિવાહ અને સ્વેચ્છાચાર વગેરે દોષો વધી જાય છે અને જ્યારે યુદ્ધ–વિભાગમાં યુદ્ધવિદ્યા–કૌશલ અને સેના એટલાં બધાં વધી જાય છે કે જેનો સામનો કરનાર સંસારમાં બીજું કોઈ ન હોય, ત્યારે તે લોકોમાં પક્ષપાત અને અભિમાનની વૃદ્ધિ થવાથી અન્યાય વધી જાય છે. જ્યારે આવા દોષોનો પ્રવેશ થઈ જાય છે ત્યારે અંદરોઅંદર વિરોધ વધી જાય છે. અને ત્યારે કોઈ બીજા નાના કુળમાંથી કોઈ એવો સમર્થ અને તેનાથી અધિક પુરુષ ઊભો થઈ જાય છે, જે તેમનો પરાજય કરવામાં સફળ રહે છે. જેમ મુસલમાનોની બાદશાહી સામે શિવાજી અને ગોવિંદસિંહજીએ ઊભા થઈને મુસલમાનોનાં રાજ્યોને છિન્ન–ભિન્ન કરી નાખ્યા હતાં. સૃષ્ટિના આરંભથી લઈ મહાભારત સુધી ચક્રવર્તી સાર્વભૌમ રાજા આર્યકુળમાં જ થયા હતા. પરંતુ આજે એમનાં સંતાનોના અભાગ્યનો ઉદય થવાથી તેઓ રાજ ભ્રષ્ટ થઈને વિદેશીઓથી પાદાક્રાંત થઈ રહ્યાં છે. – વિદેશીઓના પગ નીચે કચરાઈ રહ્યાં છે. મનસ્મૃતિ અને મહાભારત વગેરે ગ્રંથોમાં સ્વાયંભુવ વગેરે ચક્રવર્તી રાજાઓનાં નામ સ્પષ્ટ લખ્યાં છે. એને મિથ્યા કહેવાં એ અજ્ઞાની અને પક્ષપાતી લોકોનું કામ છે.'

# પુરાણોની રચના અને મતમતાંતરોનો ઉદ્‌ભવ

ત્યાર બાદ કેટલાક જૈનો અને શંકરાચાર્યના કેટલાક અનુયાયીઓના ઉપદેશનો સંસ્કાર આર્યાવર્તમાં પ્રસર્યો હતો અને પરસ્પર ખંડનમંડન પણ ચાલતું હતું. શંકરાચાર્યનાં ત્રણસો વર્ષ બાદ ઉજ્જૈન નગરીમાં વિક્રમાદિત્ય રાજા કંઈક પ્રતાપી થયા. તેમણે બધા રાજાઓ વચ્ચે પ્રવૃત્ત થયેલી લડાઈઓ મટાડીને શાંતિ સ્થાપિત કરી. ત્યાર બાદ કાવ્ય વગેરે શાસ્ત્ર અને અન્યમાં પણ કંઈક વિદ્વાન એવા ભર્તૃહરિ રાજા થયા. તેમણે વૈરાગ્યવાન થઈને રાજ્ય છોડી દીધું. વિક્રમાદિત્યના પાંચસો વર્ષ બાદ રાજા ભોજ થયા. તેમણે કંઈક વ્યાકરણ અને કાવ્યાલંકાર વગેરેનો એટલો બધો પ્રચાર કર્યો કે તેમના રાજ્યમાં બકરી ચરાવનાર કાલિદાસ પણ 'રઘુવંશ' નામના કાવ્યનો કર્તા થયો. રાજા ભોજની પાસે જે કોઈ માણસ ઉત્તમ શ્લોક બનાવીને લઈ જતો તેને તેઓ બહુ જ ધન આપતા અને એ માણસની પ્રતિષ્ઠા થતી. ત્યાર પછીના રાજાઓ અને શ્રીમાનોએ તો ભણવાનું જ છોડી દીધું. શંકરાચાર્ય પહેલાં વામમાર્ગીઓ પછી શૈવ વગેરે સંપ્રદાયોમાં માનનારાઓ પણ ઊભા થયા હતા, પરંતુ એમનું બહુ જોર નહોતુ. મહારાજા વિક્રમાદિત્યના સમયથી શૈવોનું જોર વધતું ગયું. જેમ વામમાર્ગીઓમાં મહાવિદ્યા વગેરેની દસ શાખાઓ છે. તેમ શૈવોમાં પણ પાશુપત વગેરે અનેક શાખાઓ ઊભી થઈ. લોકોએ શંકરાચાર્યને શિવના અવતાર ઠરાવ્યા. તેમના અનુયાયી સંન્યાસીઓ પણ શૈવ મતમાં પ્રવૃત્ત થઈ ગયા અને વામમાર્ગીઓને પણ મળતા રહ્યા. વામમાર્ગીઓ દેવી કે જે શિવજીની પત્ની છે તેના ઉપાસકો થયા અને શૈવો મહાદેવના ઉપાસકો થયા. એ બંને રુદ્રાક્ષ અને ભસ્મ આજ સુધી ધારણ કરતા આવ્યા છે. પરંતુ જેટલા વામમાર્ગીઓ વેદવિરોધી છે એટલા શૈવ નથી...ત્યાર બાદ એ વામમાર્ગીઓ અને શૈવોએ સંમતિ કરીને ભગ–લિંગનું સ્થાપન કર્યું. જેને 'જળાધારી' અને 'લિંગ' કહે છે અને તેનું પૂજન કરવા લાગ્યા. એ નિર્લજ્જોને આ પામરપણાનું કામ કરવામાં જરાય શરમ ન આવી ! કોઈ કવિએ કહ્યું છે કે 'स्वार्थी दोषं न पश्यति' એટલે કે સ્વાર્થી લોકો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં દુષ્ટ કાર્યોને પણ શ્રેષ્ઠ માને છે અને તેમાં કોઈ દોષ જોતા નથી. એ જ રીતે પથ્થર વગેરેની મૂર્તિઓની અને ભગ–લિંગની પૂજામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરેની સિદ્ધિઓ માનવા લાગ્યા. 'ભગ'નો એક અર્થ સ્ત્રીની જનનેન્દ્રિય પણ થાય છે. જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે. એ કયારા જેવા ઘાટને 'જળાધારી' પણ કહે છે.

રાજા ભોજના સમય બાદ જ્યારે જૈન લોકો મૂર્તિઓનાં સ્થાપન, દર્શન અને સ્પર્શન કરવા માટે પોતાના મંદિરોમાં જવા–આવવા માંડયા, તો પેલા પોપોના (વામમાર્ગીઓ, શૈવો વગેરેના) ચેલાઓ પણ જૈન મંદિરોમાં જવા–આવવા માંડયા. વળી કેટલાક બીજા મતોના અનુયાયીઓ તેમ જ યવન લોકો (યુનાન અથવા ગ્રીસના લોકો – ગ્રીકો; મુસલમાનો વગેરે) પણ આર્યાવર્તની પશ્ચિમે આવવા–જવા લાગ્યા. ત્યારે પોપોએ આ શ્લોક બનાવ્યો : न वदेद्यावनी भाषां प्राणैः कण्ठगतैरपि । हस्तिना ताडयमानोऽपि न गच्छेज्जैनमन्दिरम् ।। (જુઓ : ભવિષ્યપુરાણ : ૩ . ૩ . ૨૮ . ૫૩) એટલે કે : 'ભલે ગમે તેટલું દુઃખ પ્રાપ્ત થાય અને પ્રાણ કંઠગત થાય એટલે કે મૃત્યુનો સમય કેમ ન આવ્યો હોય, તો પણ યાવની – મ્લેચ્છ ભાષા તો ન જ બોલવી. અને ઉન્મત્ત – ગાંડો હાથી મારવાને કેમ ન દોડયો આવતો હોય અને જૈન મંદિરમાં ઘૂસી જવાથી પ્રાણ બચી જતો હોય, તો પણ જૈન મંદિરમાં ન પ્રવેશવું. એટલું જ નહિ, પરંતુ જૈન મંદિરમાં પ્રવેશ કરીને બચી જવા કરતાં હાથીની સામે જઈને મરી જવું સારુ.

રાજા ભોજના રાજ્યમાં કોઈએ વ્યાસજીના નામે માર્કણ્ડેય તથા શિવ પુરાણ બનાવીને ઊભા કર્યા હતા. જ્યારે રાજા ભોજને આ વાતની ખબર પડી તો તેમણે એ પંડિતોને હસ્તછેદન વગેરેનો દંડ આપ્યો અને કહ્યું કે જે કોઈ વ્યક્તિ કાવ્ય વગેરેનો ગ્રંથ બનાવે તે પોતાના જ નામે બનાવે, ઋષિ–મુનિઓનાં નામે નહિ. આ વાત રાજા ભોજે રચેલ 'સંજીવની' નામના ઈતિહાસમાં લખી છે. આ 'સંજીવની' ગ્રંથ ગ્વાલિયર રાજ્યના ભિંડ નામના નગરના તિવાડી બ્રાહ્મણોના ઘરમાં છે. લખના (જિ. ઈટાવા ઉત્તર પ્રદેશ)ના રાવસાહેબે તથા તેમના ગુમાસ્તા (કારકુન) રામદયાલ ચોબેજીએ આ ગ્રંથ પોતાની સગી આંખે જોયો છે. આ ગ્રંથમાં લખ્યું છે કે : વ્યાસજીએ ચાર હજાર ચારસો શ્લોક અને તેમના શિષ્યોએ પાંચ હજાર છસો શ્લોક એમ કુલ દસ હજાર શ્લોક ધરાવતું 'ભારત' બનાવ્યું હતું. આ 'ભારત' મહારાજા વિક્રમાદિત્યના સમયમાં વીસ હજાર શ્લોકનું થઈ ગયું. મહારાજ ભોજ કહે છે કે, 'મારા પિતાજીના સમયમાં પચ્ચીસ હજાર શ્લોકનું અને હાલ મારી અડધી ઉંમરે ત્રીસ હજાર શ્લોકનું 'મહાભારત'નું પુસ્તક જોવા મળે છે. જો તેમાં આવી જ રીતે ઉત્તરોત્તર વધારો થતો રહ્યે તો એક દિવસ 'મહાભારત'નું પુસ્તક એક ઊંટનો બોજો બની જશે.અને જો લોકો ઋષિ–મુનિઓનાં નામે પુરાણ વગેરેના ગ્રંથો બનાવશે તો આર્યાવર્તના લોકો ભ્રમજાળમાં પડીને વૈદિકધર્મ–વિહીન થઈને ભ્રષ્ટ થઈ જશે.

હકીકતમાં તો એ ગ્રંથોના નામ (’પુરાણઃને બદલે)‘નવીન’ રાખવા જેઈતા હતાં, પરંતુ જેમ કોઈ ગરીબ વ્યક્તિ પોતાના પુત્રનું નામ ‘મહારાજાધિરાજ’ અને કોઈ આધુનિક પદાર્થનું નામ ‘સનાતન’ રાખી લે, તો એમાં શું આશ્ચર્ય ? જેવા એ લોકોના પરસ્પર ઝઘડા છે તેવા જ ઝઘડા આ પુરાણોમાં પણ વર્ણન કરવામાં આવ્યા છે.

જો અઢાર પુરાણોના કર્તા વ્યાસજી હોત તો તેમાં આટલા ગપોડાં ન હોત; કારણ કે શારીરિક–સૂત્ર (વેદાંત–દર્શન, ઉત્તર–મીમાંસા અથવા બ્રહ્મસૂત્ર), યોગશાસ્ત્ર–ભાષ્ય વગેરે ગ્રંથોને જોતાં વિદિત થાય છે કે વ્યાસજી મોટા વિદ્વાન, સત્યવાદી, ધાર્મિક અને યોગી વ્યકિત હતા. તેઓ આવી મિથ્યા વાતો કદી ન લખે.

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

કોસાડ (સુરત)ની હરિકૃષ્ણ સ્કૂલના વિદ્યાર્થીઓના સમર કેમ્પમાં સત્યશોધક



સભાને આમંત્રણ મળતા ત્યાં ચમત્કાર નિદર્શન કાર્યક્રમ થયો હતો. ઉપપ્રમુખ મનસુખ નારીયાએ પ્રયોગો દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતોને વિદ્યાર્થીઓ સમજી શકે તેવી સરળ ભાષામાં સમજાવ્યા હતા. મંત્રી જાદવ વેકરીયાએ ચમત્કારના વિવિધ પ્રયોગોનું નિદર્શન કર્યું હતું. કહેવાતા ચમત્કાર કરનારા ફરેબીઓથી સાવધ રહેવાનું સમજાવ્યું હતું. શતકવીર રકતદાતા ભરતભાઈ ગોળવિયાએ સત્યશોધક સભાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આચાર્યા શ્રી વિરલબેન ઠક્કરે અને વિજ્ઞાન શિક્ષક પ્રિન્સભાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ભાગ લઈ વિજ્ઞાન અને ચમત્કારને સમજવાનો



પ્રયત્ન કર્યો હતો. શાળાએ સત્યશોધક સભાને રૂા. ૧,૦૦૦/– નો ચમત્કાર નિદર્શન પુરસ્કાર આપ્યો હતો.

# રમણભાઈ પાઠક અને પરિયાર–૩

**–વિજય ભગત**

(સુરતની નવસર્જન અને ઝેવિયર્સ સેવ ફોર હ્યુમન ડેવલપમેન્ટ સાથે રહીને સત્યશોધક સભાએ 'રમણભાઈ પાઠક અને પેરિયાર' પર સેમિનાર યોજેલો. આ સેમિનારમાં વ્યક્ત થયેલ વિવિધ વિચારોના ભાથાને 'સત્યાન્વેષણ'માં અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. –સૂ.)



હું જ્યારે પણ રમણ પાઠક વિશે લખવાનો પ્રયત્ન કરુ છું, ત્યારે થોડો સમય તો શરૂઆત કયાંથી કરવી તેની અસમંજસ સ્થિતિમાં મુકાઈ જાઉ છું કારણ કે, હું કોઈ લેખક કે કોલમનીસ્ટ નથી. જેમને 'રેશનાલિઝમના ભીષ્મપિતામહ' કહ્યા હોય એમના વિશે સાચો ન્યાય આપી શકુ એવુ કાંઈક લખી શકું. તેનો મને મારી જાત માટે સંદેહ રહે છે. આમ છતાં એક વાત કબુલુ કે જેમની સાથે છેલ્લા ૩૦ વર્ષ સુધી ઘણો જ નીકટ રહ્યાનો લહાવો મળ્યો હોય, અને જેમનાં વાણી – વર્તન– વિચારોથી પરિચિત હોવાનું ગૌરવ મળ્યું હોય તેવા આધુનિક મહર્ષિ વિશે મારી ક્ષમતા અનુસાર લખવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

સત્યશોધક સભા ચાલુ વર્ષ 'રમણ પાઠક શતાબ્દી વર્ષ' તરીકે ઉજવી રહ્યું છે. તેના એક ભાગ સ્વરૂપે આજનો આ કાર્યક્રમ યોજાયો. મને એમાં 'રમણભાઈ' વિશે લખવા–ચર્ચા કરવા આમંત્રણ મળ્યું. તે બદલ સંસ્થાના પ્રમુખશ્રી સૂર્યકાન્તભાઈ શાહ સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરી મુખ્ય ચર્ચા પર આવું છું.

રમણભાઈનો પરિચય આપવા કરતાં રમણભાઈના વ્યકિતત્વ વિશે વાત કરવાનું હું વધારે ઉચિત ગણું છું. ૧૯૨૨ની ૩૦ મી જુલાઈએ એમનો જન્મ થયો હતો. એમનું બાળપણ

તેમના અભ્યાસ કે તેમના નોકરી / ધંધા વિશે ખાસ કશું જણાવવું અહીં ઉચિત માનતો નથી, કેમ કે, એ બધું જ આપણને એમનાં પુસ્તકો, એમની આત્મકથામાંથી મળી જાય છે.

જેમને રેશનાલિઝમ શબ્દ થોડો ઘણો પણ સાંભળ્યો હોય તેમણે રમણ પાઠકનું નામ ન સાંભળ્યું હોય એવું બને નહીં. રમણ પાઠક અને રેશનાલિઝમ જાણે પર્યાય બની ગયેલ છે. તેથી જ તેમને રેશનાલિઝમના 'ભીષ્મપિતામહ' કહેવામાં આવ્યા છે.

જીવનમાં બનતી નાનામાં નાની ઘટનાઓમાં રમણભાઈને રેશનાલિઝમ દેખાયા કરે. નાસ્તિકતા કે ઈશ્વરથી ઉપર જઈને જીવનોપયોગી રીત–ભાત પર રમણભાઈ ખૂબ ભાર મૂકતા. રેશનાલિઝમને જ તેઓ 'આર્ટ ઑફ લિવીંગ', માનતા અને એ મુજબ તેઓ જીવ્યા પણ ખરા. પેરિયાર અને રમણભાઈ વચ્ચે નાસ્તિકતા બાબતે ઘણું સામ્ય છે, પણ નાસ્તિકતાથી ઉપરવટ રેશનાલિઝમનો ગુણ મને રમણભાઈમાં સ્પષ્ટ ઉભરી આવે છે. પેરિયાર એક પોલિટીશ્યન હતા, જ્યારે રમણભાઈ તો સામાન્ય શિક્ષક. રમણભાઈને મન રાજકારણ જોજનો દૂર, કોઈ રાજકારણી માટે નાસ્તિક હોવું કદાચ સામાન્ય હોઈ શકે, પણ રેશનાલિસ્ટ બનવું અને સમાજમાં રેશનાલિસ્ટ તરીકે જીવી જાણવું એ કદાચ ઘણું કપરૂં કામ છે. કોઈ નાસ્તિક રાજકારણી માટે પોતાના પક્ષ કે સત્તા ખાતર રેશનાલિઝમને અભરાઈએ ચઢાવી દેવાયાનું જોવા–જાણવા મળ્યું છે. પણ સાચા રેશનાલિસ્ટ માટે રાજકારણ ઘણું છેટું હોવાથી આ મુદ્દે સમાધાન કરી લેવાનું ખાસ આવતું જ નથી.

આ મુદ્દે રમણભાઈ અને પેરિયાર અલગ પડે છે. આ બેમાંથી સાચું કોણ તે નક્કી કરવાનો અત્રે મારો ઈરાદો નથી કારણ કે દરેક પોતપોતાની પરિસ્થિતિ અને વિચારધારાનુસાર નિર્ણયો લેતા હોય છે. પેરિયારે માન્યું અને અમલ કર્યો કે એમના આ નાસ્તિકતાના વિચારો છે. તેના પ્રચાર–પ્રસાર માટે રાજકારણમાં ઝંપલાવવું જ જોઈએ. આથી એમણે DMK પક્ષ સ્થાપ્યો. એના દ્વારા એમણે પોતાની નાસ્તિકતાને પ્રજા સમક્ષ મૂકી. રમણભાઈએ તે પ્રમાણે નથી કર્યું. એમણે જુદા જુદા માધ્યમો દ્વારા રેશનાલિઝમને લગતા પોતાના વિચારોને વ્યકત કર્યા. આ બાબતમાં બંનેના અભિગમની અલગતા જાણવા જેવી છે. પેરિયાર હિંદુ ધર્મની ખામી કાઢીને સનાતન ધર્મના ભગવાનો દેવ–દેવતાઓની મૂર્તિઓને જાહેરમાં ફટકારતા હતા. એમના અનુયાયીઓ પણ એમની સાથે જોડાતા હતા. આ જ વિચારોને રમણભાઈ ખૂબ રસપ્રદ બનેલા 'મંદિર નહિ, સંડાસ બાંધો' લેખમાં વ્યકત કરેલો. સમજવા જેવું એ છે કે રમણભાઈએ બંધાયેલા એક પણ

મંદિરને તોડવાનું જણાવ્યું નહોતું. એમણે વિકલ્પ આપ્યો કે એને બદલે સંડાસ બાંધો. એમના આ વિચારથી પ્રભાવિત થઈ તદ્દન સામા છેડાના આસ્તિકોના આસ્તિક મોરારીબાપુ એમના નિવાસસ્થાને આવ્યા. સંડાસ બાંધવાના ખર્ચને મેળવવા એમણે રામકથા કરી. એમાં રમણભાઈ જઈને બેઠા. આમ, રમણભાઈ અને પેરિયારના અભિગમોમાં આ બહુ મોટો તફાવત છે.

રમણભાઈ આગ્રહી હતા. પેરિયાર આક્રમક હતા. રમણભાઈ વિરોધ થાય ત્યારે સમાધાનનો માર્ગ અપનાવતા. તેઓ માનતા હતા કે એમના વિચારોની અભિવ્યકિત વાચક/શ્રોતાના ચિત્તતંત્રને હલાવી નાખે એ જરૂરી છે, પરંતુ તેના થકી એ દુખી થાય, ગુસ્સે થાય કે હિંસા પર ઉતરી પડે એ બરાબર નથી. તેવા પ્રસંગે તેઓ સમાધાન કરી લેતા. પેરિયાર તે નહિ કરતા. ઊલટું તેઓ સંઘર્ષ માંગતા. એમનો આગ્રહ હતો કે હિંદુ રહીને જ હિંદુ ધર્મની અન્યાયી વાતો, ઉપદેશો રૂઢિઓનો કડીતોડ વિરોધ કરવો. એ બધાના મૂળમાં જો અવતારોના અને દેવ–દેવીઓના નામે વાત થતી હોય તો તેઓને સમાજમાંથી વિદાય આપવા માટે તેઓ ખૂબ આક્રમક થતા. રમણભાઈ સ્પષ્ટ દર્શાવતા કે તેઓ કોઈપણ ધર્મના માણસ નથી. તેઓ ધર્મવિહોણા છે. આમ જન્મ નામના અકસ્માતે તેઓ હિંદુ ધર્મના અને તેમાંય બ્રાહ્મણ હતા,  છતાં તેમાં રહીને રેશનાલિઝમ માટે ઝઝૂમવાનું એમણે ત્યાગેલું.

પેરિયારની આક્રમકતા અને રાજકારણમાં સક્રિયતાને કારણે તેઓ ભલે આપણી વચ્ચે પચાસ વર્ષોથી હયાત નથી, છતાં એમણે સ્થાપેલા ડી.એમ.કે. પક્ષના એક નેતા પેરિયારની ભાષામાં જ સનાતન ધર્મના વિધ્વંસની વાત કરી શકે છે. છેલ્લા દશ વર્ષમાં ધાર્મિક અસહિષ્ણુતા ઘણી વધી ગઈ છે. કદાચ પેરિયારના સમયમાં હતી તેના કરતાં વધારે અસહિષ્ણુતા આજે છે. આમ છતાં, એમનાથી પ્રભાવિત ત્રીજી પેઢીના રાજકીય આગેવાનો સનાતન ધર્મના નાશની વાત કરે છે. પેરિયારની અસર એટલી બધી છે કે આવા વાતાવરણમાં પણ એવા વિધ્વંસ કરવાના વિરોધને ગણનાપાત્ર લોકોનો ટેકો મળે છે. રમણભાઈના ઈશ્વરના ઈનકારના વિવેકપૂર્વક વર્તનના આગ્રહના, પરસ્પરની સંમતિથી જાતીય વ્યવહારોને સ્વીકૃત ગણવાના, રાજ્ય તરફથી ન્યુનતમ પ્રતિબંધને જ સુરાજ્ય જાહેર કરવા જેવા અનેક વિચારો રમણભાઈ વતી અહીં બેઠેલામાંના કેટલાક સુરિજનો જાતે બોલે છે, પરંતુ એના સાનુકુળ પ્રતિઘોષ પડે જ છે એવું તો કહી શકાતું નથી. આ બંને મહાનુભાવો ગયા પછી એમની

પડેલી અસરને તપાસીએ તો આક્રમકતા અને આગ્રહ વચ્ચેના મૂળભૂત તફાવતને સમજવા મળે છે. આથી રમણભાઈની જન્મ શતાબ્દિએ જ્યારે આપણે અત્રે ભેગા થયા છીએ ત્યારે એમના વિચારોને આગળ વધારવાનું આપણે માટે યોગ્ય રહેશે.

આથી જ રમણભાઈ માટે આગળ વિચારવા માટે કહેવાનું થાય છે કે, રમણભાઈએ જેવું લખ્યું છે એવું જ જીવ્યા છે. મને અંગત રીતે ૩૦ વર્ષ એમનું સાંનિધ્ય મળ્યું છે, એટલે ખાતરીપૂર્વક કહું કે કોઈ દંભ કે દેખાડો રમણભાઈમાં કયારેય નહિ દેખાયો. કોઈ લોભ–લાલચ પણ કયારેય નહીં. એનાથી ઊલ્ટું નાનામાં નાના માણસ પ્રત્યે એમને અપાર કરૂણા. એક જ દાખલો પૂરતો છે. એકવાર રમણભાઈ અમેરિકા જવાની તૈયારી કરી રહ્યા હતા. તે ગાળામાં જ એક નજીકના રેશનાલિસ્ટ મિત્રને પૈસાની જરૂર હોઈ એમણે રમણભાઈને વાત કરી. રમણભાઈએ કોઈપણ લાંબો વિચાર કર્યા વગર અમેરિકા જવા ભેગા કરેલા પૈસા એ રેશનાલિસ્ટ મિત્રને આપી દીધા. અમેરિકાનો પ્રવાસ કેન્સલ કર્યો. આવી તો ઘણી ઘટનાઓ એમના જીવનમાં બની છે. જેની અહીં આવરી લેવાનું શકય નથી.

રમણભાઈનું રેશનાલિઝમ એ આનંદને ઉજાગર કરનારું હતું. કોઈ જડ કે કટ્ટર નિયમોથી એમણે રેશનાલિઝમ શણગાર્યું નહોતું. તેઓ ભારપૂર્વક માનતા કે રેશનાલિઝમનો મૂળ હેતુ , મૂળ ઉદ્દેશ જ આનંદ છે. કોઈને નડયા વગર જીવનની પ્રત્યેક ક્ષણને કઈ રીતે આનંદથી ભરી શકીએ, કઈ રીતે બીજાને આનંદ આપી શકીએ એની જ મથામણ. તેમણું એક જાણીતુ વાકય છે, 'બીજાને આનંદ આપવાના આનંદથી  મોટો કોઈ આનંદ નથી.' આ આખી વાતમાં એમનું નિઃસ્વાર્થપણું ફલીત થાય છે.

દુનિયાના લગભગ દરેકે દરેક વિષયમાં રમણભાઈને રસ અને જાણકારી. ઉપરાંત દરેક બાબતે પોતાનો મૌલિક અભિગમ અને અભિપ્રાય તો ખરો જ. બાળકોની સમસ્યાઓ  અને સ્ત્રીઓની સમસ્યાઓ એ એમની તીવ્ર વેદનાના વિષયો હતા. રડતા બાળકને સાંભળી રમણભાઈ અસ્વસ્થ બની જતા. પોતે પણ રડી પડે. ભૂગોળ હોય કે ખગોળ હોય, સેકસની વાત હોય કે હાસ્યની, વાર્તા, સંગ્રહ કે ભાષા વિજ્ઞાનની વાતો હોય. રમણભાઈની કલમ આ દરેક ક્ષેત્રે અવિરત ચાલતી જ રહી. તેમનાં કેટલાયે અનુવાદો, સંપાદનો, વિવેચન, નવલકથા, જીવનકથા, ચિંતનાત્મક નિબંધ સંગ્રહો વગેરે સાહિત્ય ક્ષેત્રે પણ અપરંપાર ઉંડું ખેડાણ. તેથી જ તેમના 'હાસ્ય લોક' અને

'વિવેકનો વૈભવ'ને અનુક્રમે ગુજરાત સાહિત્ય પરિષદના જ્યોતિન્દ્ર દવે અને વિ. ર. ત્રિવેદી પારિતોષિકો પણ મળ્યા છે.

મારે મન રમણભાઈનું એક નબળું પાસુ પણ હતું. તેઓ હિસાબ–કિતાબના ઘણા નબળા. આવક–ખર્ચ–બચત અંગેના સંતુલનમાં ઘણીવાર થાપ ખાઈ જતા. ચાર્વાકની 'દેવુ કરીને ઘી પીવાની' ફીલોસોફીમાં માનતા. આથી કયારેક આર્થિક મુશ્કેલીમાં મૂકાઈ ગયાના બનાવો પણ બન્યા છે. તેમણે રીટાયરમેન્ટ પછી પેન્શન જતું કર્યું હતું. સરોજબેનના પેન્શન અને છુટક કોલમોની આવકને આધારે જીવન નિર્વાહ કર્યો. તેઓ 'આજ આનંદ ભયોનું જ' વિચારતા, 'કાલ કોણે દીઠી ?'

જીવનના છેલ્લા વર્ષે ઉંમરને કારણે અને નાની મોટી બીમારીને કારણે સ્વેચ્છા મૃત્યુની જેમની અંતિમ ઈચ્છા પૂરી ન થઈ. તેઓ સ્વેચ્છા મૃત્યુના હિમાયતી હતા. મને યાદ છે કે એમના મૃત્યુના થોડાક દિવસ પહેલા અમે ૪–૫ મિત્રો એમને મળવા ગયા ત્યારે પથારીમાં થોડા રીબાતા હોય એવું અમને લાગ્યુ હતું. પણ એ વખતે અમે પણ ખૂબ લાચાર, કોઈ મદદ કરી શકયા નહીં. એમણે 'મરીઝ' ને યાદ કર્યા હતા...

મોત વેળાની આ ઐયાસી નથી ગમતી મરીઝ... .
હું સુતો હોઉ ને આખું ઘર જાગ્યા કરે...

આખી વાતનો સાર એ જ કે કોઈની સેવા–ચાકરી મેળવવાની વાતથી પણ તેઓ દુઃખી થઈ જતા. પોતે દુઃખ સહન કરી લે, પણ બીજાને તો આનંદમાં જ જોવા માંગે.

ન ભૂતો ન ભવિષ્યતિ જેવી આવી વિભૂતી ને નત મસ્તક વંદન કરી મારી વાત પૂર્ણ કરું છું.

---

છાપકામની શોધ થઈ. ખાસ કરીને યુરોપીયન સમાજે તે શોધને આવકારી. સમયના ખૂબ ટૂંકા ગાળામાં લાખોની સંખ્યામાં પુસ્તકો છપાયા અને વંચાયા. યુરોપીયન સમાજ પ્રબુદ્ધ સમાજ બનવા માંડયો. પરિણામે આખા યુરોપમાં વધારેને વધારે પુસ્તકોનું ઉત્પાદન, વધારે પુરવઠો અને વધારે વાંચન થવા માંડયા. લેખકો, પ્રકાશકો, વિક્રેતાઓની એક નવી સાંકળ બની. એક અમૃતવેલ તૈયાર થઈ કે જેણે વધુ લોકોને અક્ષરજ્ઞાન આપ્યું કે જેણે વધુ વાચકો આપ્યા. સરવાળે સમાજ પ્રબુદ્ધતા તરફ આગળ વધ્યો.

સત્તરમી બાલકૃષ્ણ પાઠકજી નિબંધ સ્પર્ધા (બીજી વિજેતા કૃતિ)

# ધાર્મિક ઘેલછા અને સમાજ

**–ચાના મિતેષ કાપડિયા**

**"જ્યાં શ્રદ્ધાનો વિષય હોય, ત્યાં પુરાવાની શી જરૂર ?
કુરાનમાંય ક્યાંય પયગંબરની સહી નથી."**

મતલબ કે શ્રદ્ધા જ પૂરતી છે માણસને જીવાડવા કે પરવરિશ માટે પણ જેમ,

**"જે પોષતું એ જ મારતું. એ જ નિત્યક્રમ છે કુદરતી."**

ધર્મ, શ્રદ્ધા અને આસ્થા કે નિષ્ઠા જો સાચી દિશામાં કે સહી પથ પર હોય ત્યાં સુધી તો, ન કોઈ સમસ્યા ઉદ્‌ભવવાની સંભાવના કે અવકાશ રહેલ છે.

"લેકિન, किन्तु, परन्तु"

**જો દિશા બદલાય તો દશા પણ....બદલાવવાની જ ને,** અને હા, એની જાણ આપણને હોય કે ન હોય.

તો ચાલો, સૌ પ્રથમવાત માંડીએ **ધર્મની.** છે શું આ ધર્મ ? સંપૂર્ણ જ્ઞાન લભ્ય હોવું દુર્લભ છે. મારા મત મુજબ ધર્મ એટલે **માણસજાત માટે, માણસજાતની ભલાઈ માટે કે એના ઉદ્ધાર કે સહકારની ભાવના ફેલાવતો કે સમજાવતો સંદેશ કે ઉપદેશ.** અને બીજું, કે બીજી બાજુ આપણે એટલે કે સમાજ – પૃથ્વી પર રહેતા લોકો – એમના સમુહ. આમ તો ધર્મ સંપૂર્ણ બ્રહ્માંડ માટે જ છે ને !

તો આપણે ધાર્મિક આસ્થા કે ઘેલછાને **સમાજની સબળી બાજુ પર ઉજાગર કરીએ તો :**

* સાત વાગ્યા પહેલા જમી લેવું.
* જ્યાં **ઊર્જાકેન્દ્રનો વચ્ચે હિસ્સો છે,** ત્યાં કપાળ ઉપર તિલક કરવું.
* ચોમાસાની ઋતુમાં **સ્વાસ્થ્યની જાળવણી** માટે ઉપવાસ કરવો.
* **પેટ કે આંતરડાને આરામ** આપવાથી લઈને
* **ધ્યાન–યોગ કરવાથી તંદુરસ્ત** રહેવાથી માંડીને

* આજની **ભાગ–દોડવાળી દુનિયામાં** જ્યાં પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ હોય ત્યાં બીજા માટે તો ભૂલી જ જવાનું.

ત્યાં **શાંતિ,** જે ક્યાંક પૂજા, **આસ્થા કે બંદગી** કરવાથી શાંતિ પ્રાપ્ત થતી હોય કે પછી ઈશ્વરની આરાધના કે અર્ચનાનું ફળ જ સમજી લો.

પહેલાંના ઋષિ, સંત કે પંડિતોએ પણ **સમાજ સુખાકારી માટે જ ધર્મ અને તેના નિયમો બનાવ્યા.** જો ધર્મનું તત્વ ન હોત તો, હું તમે કે સમાજ આપણા ફાયદા માટે જ ધર્મ અને તેનાં નિયમો બનાવ્યા હશે. જો **ધર્મનું તત્વ ન હોત તો, હું, તમે કે સમાજ, આપણા ફાયદા માટે,** નક્કર સાબિતી હોવા છતાં, એ વાત માનવા, સમજવા કે નિયમો પાળવા તૈયાર થતે ખરાં ? અને ખાસ કરીને આ સમાજ કે પ્રજા માટે જ્યાં નિયમો તોડવા–એક પ્રવાહ કે trend છે.

અહીં આપણે **શબ્દોની મર્યાદામાં** રહીને આપણી ધાર્મિક નિષ્ઠા કે ઘેલા, **સમાજની સંયુક્ત પરિભાષા :** 'જીવો અને જીવવા દેવા' ની રચનાત્મક બાજુ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પણ જેમ **'अति सर्वत्र वर्जयेत'** જો આ જ ધાર્મિક શ્રદ્ધા કે ઘેલછા **સીમારેખા પાર કરે તો** – આપણે **સહર્ષ સમસ્યાને** આવકારશું અને જો તેમાંથી પણ કઈ **બોધપાઠ ગ્રહણ ન કર્યો અને જિદ્દી કે જક્કી વલણને વળગી રાખ્યું** તો અંતમાં માત્ર ને માત્ર **નાશ કે વિનાશ.**

સમજીએ, વસ્તુ **તર્કથી જ પારદર્શિતાથી વિશ્વાસપૂર્વક** સમજી કે શીખી શકાય, પણ તેના માટે ધીરજ, મહેનત. ઊંડાણ પ્રાપ્ત કરવા કરતાં **મનુષ્યને ચમત્કાર વધુ આકર્ષક અને સરળ** લાગે છે, કારણ કે તેમાં માત્ર વિશ્વાસ કે અંધવિશ્વાસ ધરાવવાનો હોય, **ઊંડાણ માટેની મહેનત નહિ.**

**દીકરાના જ જન્મ થાય** તેની પણ વિધિ થતી હોય અથવા માત્ર કોઈ **યંત્ર પહેરવાથી બધી જ સમસ્યાઓનું નિવારણ આવી જ જવાનું છે** એવી જાહેરાત કરનારા અને તેમાં **વિશ્વાસ રાખનારાનો તોટો જડે તેમ નથી.** અને હા, ખાસ કરીને **: આ મેસેજ ફોરવર્ડ ન કરો તો તમને નુકસાન** થશે એ વાત માનીને તેનાથી ડરતા લોકો છે. તેના જ કારણે **ખાનાખરાબી છે.**

આપણે જો સામાજિક કે ધાર્મિક શાસ્ત્રને જ સુધારવા પર ધ્યાન આપશું, તો આપણા **તકનીકી – શાસ્ત્રનો પરચમ ક્યારે લહેરાવશું ?**

હજી, ૨૦૨૪ માં પણ ઘણા લોકોને માત્ર **ક્રિયા–કાંડ કરીને અમર બની જવું છે ?!** કેટલાંક લોકો જેમનો પોતાના પર વશ નથી તેઓ દુનિયાને નિયંત્રણમાં કરવા માંગે છે, એ પણ **બુદ્ધિ–પ્રતિભાથી નહિ માત્ર યંત્ર કે જાપથી ! બીલાડી રસ્તો કાપે તો દર વખતે આપણને જ અપશુકન કેમ લાગે ?** સાંકડા રસ્તા ઉપર **કાળી ચૌદશના દિવસે કાળ કઢાતો હોય છે, તેમાં પગ ન પડવો જોઈએ.** અરે, માણસ થોડું ન સાચવે, તો આખો માણસ એમાં લપસી પડે. તેથી **'સત્યશોધક સભા'** ના સભ્યોએ જાગૃતતા જગાવવા માટે ત્યાં મૂકાયેલા વડા, ઘરેથી પાંઉ લાવીને ખાધા હતા ! આ વાતની સમાચાર પર પણ ઘણી ચર્ચા થઈ હતી.

હવે ઘેલછાની હદમાં છેલ્લે :

**''જો અંધશ્રદ્ધામાં પાગલ બનાય,**
**તો શ્રદ્ધામાં ગાંડા કેમ ન થવાય ?''**

મને OMG ફિલ્મનો એક સંવાદ યાદ આવ્યો.

"They are not God loving people,
They are God fearing people."

એટલે માત્ર ને માત્ર આ જ એક તફાવત છે–સાચી ધાર્મિક શ્રદ્ધામાં અને ધાર્મિક અંધશ્રદ્ધામાં.

તો બસ, વિરમતા પહેલા માત્ર એટલું જ કહેવા માંગીશ કે જો શ્રદ્ધા, નિષ્ઠા સાચા, સદ્‌માર્ગે હોય તો;

''मस्जिद का रास्ता है बहुत दूर,
तो क्यों ना रोते हुए बच्चे को हसाया जाए ।''

અને દરેક ધર્મનો એક જ સાર :

''માનવધર્મ એ જ પરમ ધર્મ.''

પણ જો,

**'આપણે સાચા અને બીજા ખોટા.'**

**'આપણે જ મોટા અને બીજા નાના.'**

**'આપણી જ રીત, ક્રિયા કે પ્રક્રિયા સંપૂર્ણ,'**

તો ભગવાને બધાંને જ અલગ–અલગ કેમ બનાવ્યા ?'

જો ધાર્મિક આજ્ઞા પણ સમય, સંજોગ, કે લોકવિચારને કારણે **શકયતઃ ફેરફાર કરવા આવશ્યક અને જરૂરી માને છે, જો રામાયણ પણ અલગ અલગ પ્રતિભાઓ દ્વારા પ્રગટ થતી હોય તો :**

**શ્રદ્ધા, આસ્થા કે નિષ્ઠા પણ અલગ–અલગ હોઈ શકે** પણ તેનો છેવટનો ઉદ્દેશ્ય તો એક જ છે ને :

**'માણસ અને માત્ર માણસ કે સમાજ.'**

અસ્તુ.

---

## સત્યશોધક સભાને દાન



આપણા પેટ્રન ડૉ. બી. એ. પરીખના પત્ની ઉષાબેન જો જીવિત હોત તો તા. ૮–૫–૨૪ ના રોજ નેવુ વર્ષ પૂરા કર્યા હોત. એમની યાદ તો આપણા બધાંની વચ્ચે તાજી જ છે. એમના સ્મરણમાં જ ડૉ. બી. એ. પરીખે સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦/– નું દાન આપ્યું છે, જેનો સત્યશોધક સભા સાભાર સ્વીકાર કરે છે.

**૯–૫–૨૦૨૪**

**સૂર્યકાન્ત શાહ**
**પ્રમુખ**

## જાદવ પૂછે છે :

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ પૂછે છે :

મોક્ષ એટલે શું ? પુનર્જન્મનો અભાવ કે બીજું કંઈ ?

જન્મની પીડા તો કોઈને યાદ જ રહેતી નથી, તો શું જન્મોજન્મના દુઃખમાંથી મુક્ત થવું તે મોક્ષ ?

જવાબ : સૂર્યકાન્ત શાહ

જુદા જુદા ધર્મોના મુખ્ય પ્રવાહો સમજવાનો પ્રયત્ન કરીએ તો એ ત્રણ પ્રકારના દેખાય છે. (૧) ઈશ્વર–ખુદા–ગોડની ઈચ્છા પ્રમાણે ચાલતુ વિશ્વ (૨) કર્મના સિદ્ધાંતાનુસાર ચાલતુ વિશ્વ (૩) અપાર્થિવની ઈચ્છા અને કર્મના સિદ્ધાંતની ભેળસેળથી ચાલતું વિશ્વ.

આ ત્રણેમાં ઈશ્વર–ખુદા–ગોડવાળા પોતાના માનેલા અવાસ્તવિક અપાર્થિવ તત્ત્વ દ્વારા અપાતા ચુકાદામાં કોઈક આત્માને મોક્ષ, કોઈકને સ્વર્ગ કે કોઈકને નર્ક મળે છે. કર્મના સિદ્ધાંતવાળા માને છે કે બધા કર્મોનો ક્ષય થાય એટલે મોક્ષ મળે. આ બન્નેની ભેળસેળમાં માનનારા કોઈકવાર મોક્ષને અપાર્થિવ તત્ત્વના ચુકાદા તો કોઈકવાર કર્મના ક્ષયથી મળતા મોક્ષને માને છે. આ લોકો અદુકિયા દડુકિયા છે.

ધર્મ પોતે જ અવાસ્તવિક એવા અપાર્થિવ તત્ત્વના હોવાને માને છે, અથવા બિલકુલ બોગસ એવા કર્મના સિદ્ધાંતમાં માને છે. ધર્મ પોતે અવાસ્તવિક કલ્પના અને તુક્કાઓનું બંડલ છે. એ બંડલમાં એક આઈટમ 'મોક્ષ' છે. મોક્ષ જેવું કશું જ નથી.આથી તમે જે પૂછો છો તે મોક્ષ શું છે તે જાણવા માટે જુદા જુદા ધર્મોએ એને માટે મારેલા ગપ્પા જ તપાસવા પડે. મોટા ભાગના ગપ્પાં તમે જે કરો છે તે જ જણાવે છે કે જ્યાં ગયા પછી આત્માએ ફરીવાર જન્મ લેવો પડતો નથી. મોક્ષ એટલે મુક્તિ. જન્મજન્માંતરના ચક્રાવામાંથી મુક્તિ. આ મોક્ષમાં આત્માને દેહ હોતો નથી એવું એક ગપ્પુ પણ છે. નિરાકાર (?) આત્મા જ ત્યાં રહે છે. મોક્ષ જાણે કે એક સ્થળ હોય તે રીતે એનું વર્ણન કરવામાં આવે છે. આ સ્થળનું સરનામુ કોઈ પણ ધર્મના કોઈ પણ ઠેકેદાર પાસે નથી ! સરનામા વગરના સ્થળે નિરાકાર તત્ત્વનું રહેઠાણ તે મોક્ષ ! ગર્ભ, પ્રસૂતિ અને જન્મની : પીડા અંગે વિજ્ઞાને જેટલા સંશોધનો કર્યા છે તેનાથી એવું કહી શકાતું નથી કે જન્મ પ્રસંગે પીડા થાય છે. જન્મ પ્રસંગે માનવબાળ જે રડે છે તે વાસ્તવમાં પહેલી વાર ફેફસુ કામ કરતું થાય તે માટેનો પ્રયત્ન છે. એ રડે નહીં તો એને તત્કાળ રડવા માટે 'પ્રસૂતિ પ્રસંગે કાર્યરત માણસો ખાસ પ્રયત્નો કરે છે ! આથી સામાન્ય ભગતોને ડરાવવા માટે 'જન્મની પીડા'ના લંબાણ વર્ણન ધર્મના ઠેકેદારો કરે છે. ત્યારબાદ એ દુઃખમાંથી મુક્ત થવા માટે મોક્ષે જવાનું ગતકડુ કાઢી ત્યાં જવાને માટે ભગતોને ગેરમાર્ગે દોરે છે. મોટા ભાગના ભગતો ગેરમાર્ગે જવામાં આનંદ પ્રાપ્ત કરે છે. આથી આ ઠેકેદારોની દુકાન ભારે તેજીમાં ચાલે છે !

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)**

# રેશનાલિઝમ આનું નામ

સલમાન રશદી પર ઓગષ્ટ, ૨૦૨૨માં જીવલેણ હુમલો થયો હતો. એમના ચહેરા અને પેટ પર ચાકુથી હુમલા કરવામાં આવ્યો હતો. હુમલો એટલો ઘાતકી હતો કે તેઓ જે કાર્યક્રમ આપતા હતા તેના સ્ટેજ પર બેભાન થઈને પડેલા. સ્ટેજ પરના ઉદ્‌ઘોષકે એમને તરત સારવાર આપવા માંડી. પ્રેક્ષકોએ હુમલાખોરને પકડી લીધો. પ્રેક્ષકગણમાંના બે ડોકટરોએ એમને તરત તબીબી સારવાર આપી. હેલિકોપ્ટરથી તરત એમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાંના ડોકટરો અને કર્મચારીઓએ ખડે પગે રાત–દિવસ જોયા વિના એમની સારવાર કરી. એમની જમણી આંખ બચાવી શકાઈ નહીં, પરંતુ એમને સાજા–નરવા કરી દેવામાં આવ્યા. એમણે પુનઃ ક્રાંતિકારી લેખન કાર્ય શરુ કરી દીધું ! એવા રશદીનો તાજેતરમાં ‘ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ’ ઈન્ટરવ્યૂ લીધો. પૂછાયેલા પ્રત્યેક પ્રશ્નના ઉત્તરમાં એમની ઉચ્ચ બુદ્ધિમતા અને સંવેદનાની ઝલક પ્રદર્શિત થઈ. એ સવાલોમાંના એક સવાલનો એમનો જવાબ એ સાચા રેશનાલિસ્ટ હોવાનું દર્શાવે છે. સવાલ એ કે, ‘હુમલો, હુમલા પછીની પરિસ્થિતિ અને તેમાંથી તમારો થયેલ ચમત્કારિક બચાવ શું હવે તમને શ્રદ્ધાળુ બનાવી શકે એમ છે ?’

એમનો જવાબ : ‘ના, આ ચમત્કારિક બચાવ થયો તેથી હું શ્રદ્ધાળુ થયો નથી. કોઈ દૈવી શકિત હોવાનો મને જરાયે અહેસાસ થયો નથી. માનવો તરફથી મળેલી સહાય, વિજ્ઞાનની શોધો અને એનાથી સર્જાયેલી તકનિકોએ અને ડોકટરોએ મારો ચમત્કારિક બચાવ કર્યો. મને આ બચાવનારામાંથી હું કોઈને ઓળખતો નહોતો, છતાં એમણે મને બચાવ્યો તે ચમત્કાર હોય તો માનવવાદનો છે. હા...આ બધાં મદદગાર તત્ત્વો મારી મદદે આવ્યા તે એક સંજોગ હતો, એમાં કોઈ દૈવી તત્ત્વની કોઈપણ કામગરી નહોતી. મારા બચાવ માટે હું જરાયે કોઈક દૈવી તત્ત્વને કારણભૂત ગણતો નથી. જે કંઈ છે તે મને મદદ કરનારાઓની સંવેદના, એમનો કસબ અને એમની બુદ્ધિમતા.’

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**